મિત્રો, અહી જી.પી.એસ.સી. વર્ગ 1/2 પરીક્ષા માટેની પ્રિલિમીનરી પરીક્ષાના સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રની રૂપરેખા તેમજ સિલેબસ આપ્યો છે. આપણે સૌ જાણીએ છીએ તેમ છેલ્લે આ પરીક્ષા વર્ષ 2006માં લેવાઇ હતી તેથી આ સિલેબસ તે સમયનો છે. એવી પુરેપુરી શક્યતા છે કે હવે પછીની પરીક્ષા માટે સિલેબસ 100% બદલાશે જ. મને અંદાજ છે ત્યા સુધી તેમાં ગ્લોબલ વૉર્મીંગ, મહાગુજરાત આંદોલન, વિજ્ઞાન અને ટેક્નોલોજી, ભારતમાં મહિલાઓનો ફાળો જેવા મુદ્દાઓનો સમાવેશ થઇ શકે છે.

આ પરીક્ષાની તૈયારી માટેના પ્રાથમિક પુસ્તકોની જાણકારી જે-તે મુદ્દામાં સાથે જ આપી છે. પરીક્ષાની જાહેરાત થયા બાદ આ પરીક્ષા માટેનુ “સમગ્ર સ્ટડી મટીરિયલ્સ” www.rijadeja.com પર મુકવામાં આવશે જ. આ સ્ટડી મટીરિયલ્સ મારા દ્વારા જાતે તૈયાર કરવાનુ કાર્ય ચાલુ જ છે તેમજ ટુંક સમયમાં તે સંપૂર્ણ થઇ જશે. વિદ્યાર્થી મિત્રોને ફરી એકવાર એ બાબત ભારપૂર્વક જણાવવા ઇચ્છુ છુ કે આ પરીક્ષાની જાહેરાતની રાહ જોયા વિના તૈયારી શરૂ કરી દેવી. કારણ કે, જાહેરાત આવ્યા બાદ તૈયારી કરવા માટે પુરતો સમય કદાચ મળે પણ નહી. તેથી મિત્રો, કોઇપણ પ્રકારની રાહ જોયા વિના તૈયારી શરૂ કરી દો. શુભેચ્છાઓ...!

# જી.પી.એસ.સી. વર્ગ 1/2 પરીક્ષા – સિલેબસ

**1)** **<u>સામાન્ય વિજ્ઞાન:</u>**

એક સામાન્ય સ્નાતક વ્યક્તિ પાસેથી અપેક્ષા રાખી શકાય તેવા પ્રશ્નો આ વિભાગમાં પુછવામાં આવે છે. સામાન્ય રીતે આ મુદ્દામાં વિજ્ઞાનની રોજબરોજના જીવનમાં ઉપયોગમાં આવતી બાબતો પુછવામાં આવે છે. પરંતુ હાલની સ્પર્ધાને તેમજ હાલની લેવાયેલી પરીક્ષાઓના પ્રશ્નપત્રો જોતા એવુ લાગે છે કે આ મુદ્દામાંથી થોડા અઘરા પ્રશ્નો પણ પુછાઇ શકે.

વર્તમાન પ્રવાહોમાં ચાલતી વિજ્ઞાનની બાબતો પણ આ મુદ્દામાં આવી શકે. જેમકે, અવકાશ વિજ્ઞાન સંશોધન, ભારતમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વગેરે...

આ મુદ્દાની તૈયારી માટે ધોરણ 5 થી 10ના જી.સી.ઇ.આર.ટી.ના શાળામાં ભણાવાતા પાઠ્યપુસ્તકો શ્રેષ્ઠ ગણી શકાય. વિદ્યાર્થીઓએ આ પાઠ્યપુસ્તકોને કોઇપણ સંજોગોમાં નજરઅંદાજ કરવા જોઇએ નહી. જી.સી.ઇ.આર.ટી.ના ધોરણ 5 થી 8ના નવા અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકોને બદલે વિદ્યાર્થીઓએ જૂના પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરવો. જૂના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો બજારમાં કદાચ ઉપલબ્ધ ન હોય તેવી શક્યતાને ધ્યાનમાં રાખી તે અભ્યાસક્રમના પરીક્ષામાં ઉપયોગી હોય તેવા મુદ્દાઓ rijadeja.com વેબસાઇટ પર મુકવામાં આવશે.

આ સિવાય આપણા **મન્ડે મ્યુસિંગ્સ** મેગેઝીનમાં પણ વર્તમાન પ્રવાહોમાં આવતી વૈજ્ઞાનિક બાબતોને સાંકળી લેવામાં આવે છે જે આ પરીક્ષા માટે ખૂબ જ ઉપયોગી થશે.

**2)** **<u>સામાન્ય માનસિક ક્ષમતા:</u>**

આ વિભાગમાં સામાન્ય ગણિત, તર્કશક્તિ, લોહીના સંબંધ વગેરેને લગતા પ્રશ્નો પુછવામાં આવે છે. વ્યક્તિ

www.rijadeja.com

ચાતુર્યને લગતા પ્રશ્નોનો સમાવેશ આ મુદ્દામાં થાય છે. બેંકની પરીક્ષામાં પુછાય છે તેવા પ્રકારના આકૃતિઓને લગતા તર્કશક્તિના પ્રશ્નો પણ પુછવામાં આવે છે.

આ વિભાગની તૈયારી માટે ઉમેદવારે શક્ય એટલી પ્રેક્ટિસ કરવી જોઇએ જેથી પરીક્ષાખંડમાં ઓછા સમયમાં પ્રશ્નનો જવાબ મેળવી શકાય. ગણિત માટે ધોરણ 5 થી 8ના પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરવો જોઇએ જેથી પાયો પાકો થઇ શકે. આ સિવાય 30 અથવા 40 સુધીના ઘડિયા પણ ગોખી લેવા જોઇએ જેથી પરીક્ષાખંડમાં ગણતરી કરવામાં વધુ સમય ન વેડફાય.

3) <u>રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વની સાંપ્રત ઘટનાઓ:</u>

સૌ મિત્રો જાણે છે તે રીતે કરંટ અફેયર્સ અથવા સાંપ્રત ઘટનાઓ એ હાલના સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનો મુખ્ય મુદ્દો છે. મોટા ભાગના પ્રશ્નો આ મુદ્દામાંથી પુછવામાં આવતા હોય છે. મોટે ભાગે છેલ્લા 2-3 વર્ષમાં બનેલી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય અગત્યની બાબતોમાંથી પ્રશ્નો પુછવામાં આવતા હોય છે.

આ મુદ્દાની તૈયારી માટે વિદ્યાર્થી મિત્રોએ દૈનિક સમાચાર પત્રોનો ઝીણવટપૂર્વક અભ્યાસ (વાંચન નહી, પણ અભ્યાસ) કરવો જોઇએ અને તેમાંથી પરીક્ષાલક્ષી નોંધો પોતાની નોટબુક/ડાયરીમાં નોંધી લેવી જોઇએ.

આપણે જોઇ શકીએ છીએ કે ગુજરાતમાં આવતા સમાચાર પત્રોમાં માહિતી /સમાચાર અલગ અલગ હોય છે. અમુક સમાચાર પત્રમાં કોઇ અગત્યના સમાચાર હોય તો બીજામાં તે ન પણ હોય. તેથી વિદ્યાર્થીઓએ શક્ય હોય ત્યા સુધી 2 રાષ્ટ્રીય સમાચાર પત્ર વાંચવાની ટેવ પાડવી જોઇએ. એક સમજી શકાય એવી વાત એ છે કે દરેક વિદ્યાર્થી બધા સમાચાર પત્રો વાંચી ન શકે તેથી આ સમસ્યાના ઉકેલ રૂપે આપણે **"મન્ડે મ્યુસિંગ્સ"** નામનુ એક ઇ-મેગેઝીન દર સોમવારે પ્રકાશિત કરીએ છીએ. આ મેગેઝીનમાં છેલ્લા અઠવાડિયા દરમિયાનના ગુજરાતના બધા જ સમાચાર પત્રોમાંથી પરીક્ષાલક્ષી સમાચારો/ માહિતી એકઠી કરીને પ્રકાશિત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ સમાચાર પત્ર વાંચવાને બદલે ફક્ત આ મેગેઝીનનો ઉપયોગ પણ કરી શકે છે.

4) <u>ભારતીય રાજનિતિ અને અર્થવ્યવસ્થા:</u>

આ મુદ્દામાં ભારતની રાજ્યકક્ષાની તેમજ રાષ્ટ્રીયકક્ષાની રાજનૈતિક વ્યવસ્થા, સમાજવિકાસ, પંચાયતી રાજ, અર્થવ્યવસ્થા, આર્થિક યોજનાઓ વગેરે અંગેના પ્રશ્નો પુછવામાં આવે છે.

રાજનૈતિક વ્યવસ્થામાં રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાનુ સરકારનુ માળખુ, હાઇકોર્ટ, સુપ્રિમકોર્ટ, રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, સંસદ, રાજ્યપાલ, મુખ્યમંત્રી વગેરે પદાધિકારીઓ તેમજ ભારતીય બંધારણને લગતા પ્રશ્નો પુછવામાં આવે છે.

આ મુદ્દાની તૈયારી માટે પણ જી.સી.ઇ.આર.ટી.ના ધોરણ 5 થી 10ના જૂના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો ઉપયોગી નિવડશે. આ સિવાય **www.rijadeja.com** વેબસાઇટ પર ભારતીય રાજનીતિ અને બંધારણ માટેનુ સમગ્ર સ્ટડી મટીરિયલ પણ ઉપલબ્ધ છે જે કદાચ ગુજરાતી ભાષામાં બીજે ક્યાંય મળવાની શક્યતા નથી.

www.rijadeja.com

5) <u>ભારતની સ્વાતંત્રપ્રાપ્તી અને એ પછી બનેલા બનોવો અને તે અંગેનું સામાન્ય જ્ઞાન:</u>

આ મુદ્દામાં ભારતની સ્વતંત્રતા પ્રાપ્તિ માટેના પ્રયાસો, તે દરમિયાન બનેલી ઘટનાઓ, ક્રાંતિકારીઓનુ બલિદાન વગેરેને લગતા પ્રશ્નો પુછવામાં આવે છે. આ મુદ્દા માટે ઇ.સ. 1857 પછીની માહિતી જ વાંચવી જરૂરી છે.

આ મુદ્દાની તૈયારી માટે જી.સી.ઇ.આર.ટી.ના ધોરણ 6 થી 10ના જૂના અભ્યાસક્રમની સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક ખૂબ જ ઉપયોગી નિવડશે. આ સિવાય હિન્દીમાં ઉપલબ્ધ બિપિન ચંદ્રના પુસ્તકો પણ ઉપયોગી થઇ શકે છે.

6) <u>ભારત તથા ગુજરાતની ભૂગોળ:</u>

આ મુદ્દામાં ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ તેમજ ભારતની ભૂગોળનો સમાવેશ થાય છે. મોટા ભાગે ખેતિ, ખનીજો, જમીન-માટેના પ્રકારો, આબોહવા વગેરે આ વિષયના મુખ્ય મુદ્દાઓ હોય છે. આ સિવાય નદીઓ, તેના પર બંધાયેલા બંધો, સિંચાઇ યોજનાઓ વગેરેને પણ તેટલુ જ મહત્વ આપવામાં આવે છે.

આ મુદ્દાની તૈયારી જો એટલાસ સાથે રાખી કરવામાં આવે તો ખુબ ઝડપથી યાદ રહી જાય છે.

આ મુદ્દાની તૈયારી માટે જી.સી.ઇ.આર.ટી.ના ધોરણ 6 થી 12 સુધીના જૂના અભ્યાસક્રમના ભૂગોળના પુસ્તકો વાંચવાથી ચોક્કસ લાભ થશે જ. આ સિવાય પ્રો. મંજુલાબેન દવેની 'ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ' ખૂબ જ ઉપયોગી થઇ શકે છે.

www.rijadeja.com